પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૦૬ | ૧૭ જાન્યુઆરી, ૨૦૨૧, રવિવાર; પોષ સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# રસીકરણનો રાષ્ટ્રવ્યાપી શુભારંભ

## વડાપ્રધાને દેશમાં વર્ચ્યુઅલ સંબોધનથી વિશ્વના સૌથી મોટા રસીકરણ અભિયાનનો પ્રારંભ કરાવ્યો

નવી દિલ્હી, તા.૧૬

વિશ્વની સૌથી મોટા રસીકરણ અભિયાનની શરૂઆત થઈ. રસીકરણ કાર્યક્રમનો પ્રારંભ કરતા પીએમ મોદીએ કહ્યું કે આખા દેશને એ ક્ષણની કાગડોળે રાહ જોતું રહ્યું હતું. કોરોનાની રસી ખૂબ જ ટૂંકા સમયમાં આવી ગઈ. તેમણે કહ્યું કે કેટલાંય મહિનાઓથી દેશના દરેક ઘરમાં બાળકો, વૃદ્ધ અને યુવાન દરેકની જીભ પર એક જ પ્રશ્ન હતો કે કોરોનાની રસી કયારે આવશે. તેમણે કહ્યું કે વિશ્વનું સૌથી મોટું રસીકરણ અભિયાન ભારતમાં શરૂ થઈ જતાં પીએમ મોદીએ આ માટે દેશવાસીઓને અભિનંદન પાઠવ્યા. આ પ્રસંગે વડાપ્રધાને રાષ્ટ્રકવિ રામધારીસિંહ દિનકરના શબ્દોનો પણ ઉલ્લેખ કર્યો, જ્યારે માનવજાત જોર કરે છે તો પથ્થર પણ પાણી બની જાય છે. પીએમએ કહ્યું કે કોરોના રસીના બે ડોઝ લેવાનું ખૂબ જ મહત્વપૂર્ણ છે. કયાંક એવું ના બને કે એક ડોઝ લઈ લીધો અને બીજો ડોઝ ભૂલી જાય. પીએમ મોદીના સંબોધનને તમામ રસીકરણ કેન્દ્રો સાથે કનેકટ કરાયું. કેન્દ્ર સરકારના જણાવ્યા અનુસાર પહેલાં દિવસે કુલ ૩૦૦૬ રસીકરણ કેન્દ્રો પર

● અનુસંધાન પાન-૭ પર



### સુરક્ષિત અને અસરદાર છે વેક્સિન : એમ્સ ડાયરેક્ટર

એઈમ્સના ડાયરેક્ટર રણદીપ ગુલેરીયાએ પણ કોરોના વેક્સિનની રસી લીધી હતી. અને કહ્યું- હું તમામને કહેવા માગીશ કે વેક્સિન સુરક્ષિત છે. આ કારગર છે. અમને બહુ મોટી સંખ્યામાં લોકોને વેક્સિન લગાવવાની છે. એટલા માટે શરૂઆતમાં અમે બહુ સિલેક્ટિવ થઈ શકતા નથી. અમને આપણે રિસર્ચર્સ, વૈજ્ઞાનિકો અને નિયામક સંસ્થાઓ પર ભરોસો કરવો પડશે.

## સંબોધનમાં મહામારીના શરૂઆતના સંઘર્ષને યાદ કરતા મોદી ભાવુક બન્યા

### દેશની લડાઇ આત્મવિશ્વાસ આત્મનિર્ભરતાની રહી : મોદી

નવી દિલ્હી, તા.૧૬

કોરોના રસીકરણ અભિયાનની શરૂઆત કરતાં સમયે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ભાવુક થઈ ગયા. વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા દેશવાસીઓને સંબોધતા મોદીએ મહામારીના શરૂઆતના દિવસોના સંઘર્ષને યાદ કર્યા તો તેમની આંખો ભરાઈ આવી. ડુમો બાજી જતા સમયે એનો ઉલ્લેખ કરતાં રહ્યા જ્યારે ભારતના પાસે કોરોનાથી લડાઈનું મજબૂત ઈન્ફ્રાસ્ટ્રકચર નહોતું. મોદીએ ડુમો ભરાવતા કહ્યું કે કોરોનાથી અમારી લડાઈ આત્મવિશ્વાસ અને આત્મનિર્ભરતાની રહી છે. તેમણે કહ્યું કે આ મુશ્કેલ લડાઈથી લડવા માટે આપણે આપણા પોતાના આત્મવિશ્વાસને નબળો પડવા દેશે નહીં, આ પ્રણ દરેક ભારતીયમાં દેખાયું. હેલ્થ વર્કર્સ ને યાદ કરતાં પીએમ મોદીની આંખો ભરાઈ ગઈ હતી. તેમણે કહ્યું કે એવા પણ સેંકડો સાથીઓ છે કે જેઓ ક્યારેય ઘરે પાછા ફર્યા નથીપતેમણે એક-એક જીવને બચાવવા માટે પોતાના જીવન આહટ કરી દીધી. આથી આજે કોરોનાની પ્રથમ રસી આરોગ્ય સેવા સાથે જોડયેલા લોકોને મૂકવાનો એક માર્ગ છે સમાજ તેનું દેવું ચૂકવી રહ્યું છે.



મને યાદ છે, એક દેશમાં જ્યારે ભારતીયોને ટેસ્ટ કરવા માટે મશીનો ઓછા પડી રહ્યા હતા ત્યારે ભારતે આખી લેબ મોકલી હતી જેથી ત્યાંથી આવતા લોકોને ટેસ્ટિંગમાં મુશ્કેલી ના પડે. ભારતે આ મહામારીથી જે રીતે મુકાબલો કર્યો તેને આખી દુનિયા લોહા માની રહ્યું છે. કેન્દ્ર અને રાજ્ય સરકારો, સ્થાનિક સંસ્થાઓ, દરેક સરકારી સંસ્થાઓ, સામાજિક સંસ્થાઓ કેવી રીતે સાથે મળીને વધુ સારી રીતે કામ કરી શકે છે તેનું ઉદાહરણ પણ ભારતે દુનિયાની સામે મૂકયું.

**દેશની બંને વેકસીન તમામ કસોટીમાં પાસ છે, લોકો અફવાથી દુર રહે, વાયરસની રસીના બે ડોઝ લેવા જરૂરી છે, માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સના નિયમો પાળવા જ પડશેઃ મોદી**

વડાપ્રધાને રસીકરણ અભિયાન લોન્ચ કતાં વીતેલા દિવસોને યાદ કર્યા. તેમણે ડુમો ભરાયેલા અવાજમાં કહ્યું, ‘‘જનતા કર્ફ્યુ, કોરોનાની વિરૂદ્ધ આપણા સમાજનો સંયમ અને અનુશાસનની પણ કસોટી હતી, જેમાં દરેક દેશવાસી સફળ થયા. જનતા કર્ફ્યુએ દેશને મનોવૈજ્ઞાનિક રીતે લોકડાઉન માટે તૈયાર કર્યા.



### તમામે વેક્સિન લગાવવી જોઈએ એઈમ્સના સફાઈ કર્મચારી

દિલ્હીમાં એમ્સમાં મનીષ કુમાર નામના સફાઈ કર્મચારીને કોરોનાની પહેલી રસી લગાવવામાં આવી છે. રસી લગાવ્યા બાદ અડધા કલાક સુધી તેના સ્વાસ્થ્ય પર નજર રાખવામાં આવી હતી. રસી લગાવ્યા બાદ તેણે કહ્યું કે, મારો અનુભવ ખુબ જ સારો રહ્યો છે. વેક્સિન લગાવવા માટે મને કોઈ ખચકાટ નહીં થાય અને હું મારા દેશની સેવા કરતો રહીશ. મારા મનમાં જે ડર હતો તે પણ નીકળી ગયો છે. તમામને વેક્સિન લગાવવી જોઈએ.

## દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં ગાઢ ધૂમ્મસ

ન્યુ દિલ્હી,તા.૧૬

પાટનગર નવી દિલ્હીમાં છેલ્લા બે દિવસથી પડેલા વરસાદના પગલે આજે સવારે ગાઢ ધૂમ્મસ છવાઈ ગયું હતું. વિઝિબિલિટી લગભગ શૂન્ય પર પહોંચી હતી.

કેટલાક વિસ્તારોમાં તો બે ત્રણ મીટરથી આગળનું કશું દેખાતું નહોતું. એની અસર ટ્રાફિકને થઈ હતી. વાહન ચાલકો ધીમે ધીમે અને સાવચેતીથી આગળ વધતા નજરે પડ્યા હતા. પગે ચાલીને જનારા લોકોની હાડમારીનો પણ પાર નહોતો. વાહનો ચલાવનારા લોકોએ વાહનની લાઈટ ચાલુ રાખી હોવા છતાં એકદમ ઓછી વિઝિબિલિટીના કારણે તકલીફો પડી રહી હતી.


રેલવે તંત્રે જાહેર કર્યા મુજબ દિલ્હી તરફ આવી રહેલી ૨૪ ટ્રેન મોડી દોડતી હતી.

## ઓરિસ્સાના મુખ્યપ્રધાન પટનાયક દેશના સૌથી શ્રેષ્ઠ મુખ્યમંત્રી : સર્વે

**સૌથી ખરાબ દેખાવ ભાજપના ઉત્તરાખંડના મુખ્ય પ્રધાનનો : કેજરીવાલને મળેલા ૭૭ ટકા મતોમાં ૫૭ ટકા લોકો ખૂબ સંતુષ્ટ, વાઇએસઆર કોંગ્રેસ પાર્ટીના જગન મોહન રેડ્ડી આંધ્ર પ્રદેશના મુખ્ય પ્રધાન તરીકે ત્રીજા ક્રમે, હરિયાણાના મુખ્ય પ્રધાન મનોહર લાલ ખટ્ટરના કામથી માત્ર ૨૩ ટકા લોકો ખુશ**

ન્યુ દિલ્હી,તા.૧૬

કાર્યક્ષમતાની દ્રષ્ટિએ ઓરિસાના મુખ્ય પ્રધાન નવીન



પટનાઈક દેશના સૌથી શ્રેષ્ઠ મુખ્ય પ્રધાન હોવાનું એક સર્વેમાં જાહેર કરાયું હતું.

બીજા ક્રમે દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલનું અને ત્રીજા ક્રમે આંધ્ર પ્રદેશના જગન મોહન રેડ્ડીનું નામ આવ્યું હતું. ભાજપ સાથેની અથડામણ અને હિંસક બનાવો છતાં પશ્ચિમ બંગાળના મમતા બેનર્જી મુખ્ય પ્રધાન તરીકેની પોતાની કામગીરીમાં ચોથા ક્રમે આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે સૌથી લાંબા સમય સુધી મુખ્ય પ્રધાનપદે રહેવાનો વિક્રમ પણ ઓરિસાના નવીન પટનાઈકનો છે, પટનાઈકને સર્વેમાં આશરે ૭૯ ટકા (૭૮.૮૧) લોકોએ મત આપ્યો હતો. બીજી બાજુ ભાજપ શાસિત ઉત્તરાખંડના મુખ્ય પ્રધાન ત્રિવેન્દ્ર સિંઘ રાવતને માત્ર ૦.૪૧ ટકા મતો મળ્યા હતા. એટલે કે રાવત દેશમાં સૌથી ખરાબ વહીવટકર્તા છે એમ કહી શકાય.

એક સર્વેમાં આ પરિણામો પ્રગટ થયા હતા. ઓરિસામાં ૬૮.૫૭ ટકા લોકો પટનાઈકના કામથી ખુશ હતા. ૨૦ ટકા લોકો ઠીક ઠીક ખુશ હતા અને દસ ટકા લોકો નારાજ હતા. દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલને મળેલા ૭૭ ટકા મતોમાં ૫૭ ટકા લોકો ખૂબ સંતુષ્ટ હતા, ૩૧ ટકા લોકો ઠીક ઠીક સંતુષ્ટ હતા અને ૧૧ ટકા લોકો નારાજ હતા.

ત્રીજા ક્રમે આવનારા વાઈએસઆ કોંગ્રેસ પાર્ટીના જગન મોહન રેડ્ડી આંધ્ર પ્રદેશના મુખ્ય પ્રધાન તરીકે ત્રીજા ક્રમે આવ્યા હતા. તેમને ૬૬.૮૩ ટકા મતો મળ્યા હતા.

## ટેરર ફડિંગ મામલે ખેડૂત નેતા સિરસાને એનઆઈએનું તેડું

નવી દિલ્હી, તા.૧૬

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ) ખેડૂત નેતા બળદેવસિંહ સિરસાને પૂછતાછ માટે બોલાવ્યા છે. આ પૂછતાછ ભારત વિરોધી સંગઠનો તરફથી અનેક એનજીઓને અપાયેલ ફંડિગના મામલામાં છે. એનઆઈએના સુત્રો મુજબ એનઆઈએએ લોકભલાઈ ઈન્સાફ વેલફેર સોસાયટીના અધ્યક્ષ બળદેવસિંહ સિરસાને પૂછતાછ માટે બોલાવ્યા છે. આ સંગઠન સરકારની સાથે ખેડૂતો તરફથી વાર્તામાં સામેલ છે. તેમની સામે આ પૂછતાછ અલગાવવાદી સંગઠન શીખ ફોર જસ્ટિસના એક નેતા સામે નોંધાયેલ કેસના મામલામાં છે. એનઆઈએના સુત્રો અનુસાર ૧૭ જાન્યુઆરીએ બળદેવસિંહ સિરસાની પૂછપરછ કરી શકાય છે.

TERMINAL-1
Veg. Food Court
ગીફ્ટ સીટી ગાંધીનગર પાસે, શાહપુર ગામ ચાર રસ્તા પર બનાવેલ ફૂડકોર્ટમાં તદ્દન નજીવા ભાડેથી રેસ્ટોરન્ટના બુકીંગ માટે મળો.
૯૮૨૫૦ ૫૧૨૫૬ - ભાવેશ ચૌહાણ

મોકાસણવાળા
મારૂતી સોફા વોશીંગ
ગેરંટી સાથે
સોફા રીપેરીંગ
ફ્રી હોમ સર્વિસ
સોફા રીનોવેશન સ્પેશિયાલીસ્ટ
9924244216, 7046850177

FIGHT CORONA
M. 90998 72551
સેનેટાઈઝ સર્વિસ
ફ્લેટ બંગલો ઓફીસ બિલ્ડીંગ
૫ લિટર સેનેટાઈઝર તથા ૫ N95 માસ્ક ફ્રી આપવામાં આવશે.
FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.

A PROJECT BY:- Keshav™ Realty
www.keshavrealty.com | keshavrealty




MORE SPACIOUS
MORE COMFORT
Sample Apartment Ready
keshav aaradhyam
3 & 4 BHK PREMIUM LIVING
Kudasan, Gandhinagar
CALL +91-63566 84000, +91-63565 84000
VISIT US - Keshav Aaradhyam, Opp. Radhe-111, Near Shrifal Height, Kudasan, Gandhinagar - 382421
SCAN ME FOR LOCATION
RERA NO. PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/OTHERS/MAA03369/050918 Website : www.gujrera.gujarat.gov.in